જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૭૬/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.30/0૭/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૨૯૪ | ૧૧ | ૧૦૩૦૫ | ૧૬૩૪૮ | ૧૧ | ૧૬૩૫૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૨ | 3 | ૪૩૩૫ | ૫૮૪૮ | 3 | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ० | ૪૩ | ૨૦૩ | ० | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૭૭૭ | ૧૧૪ | ૧૩૮૯૧ | ૧૪૨૮૩ | ૧૧૭ | ૧૪૪૦૦ |
| | કુલ | ૨૮૪૪૬ | ૧૨૮ | ૨૮૫૭૪ | ૩૬૬૮૨ | ૧૩૧ | ૩૬૮૧૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૩ | ૮,૬૯,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૪૯ | ૬,૦૯,૮૦૦/- |

# મોબાઇલ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઇમ બ્રાંચ:-

## મોબાઇલ ચોરી કરનાર ચોર ઇસમોને ચોરી કરેલ કુલ-11 મોબાઇલ ફોન સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનરશ્રી અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી બી.વી ગોહિલ સાહેબે આપેલ સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ પોલીસ ઇન્સપેકટરશ્રી એચ.એમ.વ્યાસ સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સપેકટરશ્રી બી.પી.દેસાઇ તથા ટીમના માણસો મિલ્કત સબંધી ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા તથા આવા ગુન્હા બનતા અટકાવવા કામગીરીમાં કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી **આરોપીઓ** :- (૧) વિશાલ ભુપતભાઇ વાસફોડિયા ઉ.વ.૨૩ રહે, ૯૯, હરસિધ્ધનગર બોડકદેવ અમદાવાદ મુળગામ : હોસાપુર તા:જી: પાટણ (૨) પ્રકાશ @ બોબડો સન/ઓફ નભાભાઇ સોલંકી ઉ.વ.૧૯ રહે, અંધજનમંડળ બ્રીજની નીચે વસ્ત્રાપુર અમદાવાદ.મુળગામ : વડા તા:કાંકરેજ જી: બનાસકાંઠા નાઓને ચોરી ના મોબાઇલ ફોન નંગ-11 કુલ કિ.રૂ.72000/ સાથે ઝડપી પાડેલ છે. જે ચોરી ના મોબાઇલ ફોન સબંધે તપાસ કરતાં નીચે મુજબના ગુન્હા ડીટેકટ થાયછે.

(એ) ચાંદખેડા પો સ્ટે પાર્ટ એ ફરીયાદ નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૯૬૨/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૮૦

(બી) પાલડી પો સ્ટે પાર્ટ એ ફરીયાદ નં.૧૧૧૯૧૦૧૬૨૦૦૪૭૬/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૮૦

ઉપરોકત આરોપીઓ પાસેથી મળી આવેલ ચોરીના બીજા મોબાઇલ ફોન સબંધે વધુ તપાસ જારી રાખવામાં આવેલ છે, તેમજ આરોપીઓને ચાંદખેડા પોલીસ સ્ટેશને વધુ તપાસમાં સોંપેલ છે.

## આરોપીઓનો પુર્વ ઇતિહાસ

આ કામનો આરોપી પ્રકાશ @ બોબડો સન/ઓફ નભાભાઇ સોલંકી નિકોલ પોલીસ સ્ટેશન માં જાન્યુ/2020 માં બેટરી ચોરીના ગુન્હામાં પકડાયેલ છે તથા આરોપી વિશાલ ભુપતભાઇ વાસફોડિયા આનંદનગર પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.





# બાળક ત્યજીને જતા રહેલ દંપતી આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

## અમદાવાદ,અસારવા,સિવિલ હોસ્પીટલમાં વોર્ડ નં- એ/૫ માં તાજુ જન્મેલ બાળક (બેબી) ને કોઈને કંઈ પણ કહ્યા વગર ત્યજીને જતા રહેલ દંપતી(આરોપી)ને શોધી પકડી પાડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૧૮૬/૨૦૨૦ ઇપીકો કલમ- ૩૧૭,૧૧૪ મુજબના ગુનાના કામે અમદાવાદ ,અસારવા,સિવિલ હોસ્પીટલમાં આવેલ બાળકોના વોર્ડ નં- એ/૫ માં તાજુ જન્મેલ બાળક ( બેબી ) ને કોઈને કંઈ પણ કહ્યા વગર ત્યજીને જતા રહેલ દંપતી ( આરોપી ) નામે (૧) રસુલ પીદયાભાઈ જાતે ચૌહાણ ઉ.વ.૩૬ ધંધો છુટક મજુરી રહે.ગામ- જુનુ ફળિયુ, થાના – કટાવારા તા.દાહોદ જીલ્લો-દાહોદ તથા નં-(૨) સમુબેન વા/ઓ રસુલ પીદયાભાઈ જાતે ચૌહાણ ઉ.વ.૩૪ રહે-સદર નાઓને શોધી કાઢી પકડી ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

<u>આરોપીનું નામ ;</u>- (૧) રસુલ પીદયાભાઈ જાતે ચૌહાણ ઉ.વ.૩૬ ધંધો છુટક મજુરી રહે.ગામ- જુનુ ફળિયુ, થાના – કટાવારા તા.દાહોદ જીલ્લો-દાહોદ તથા નં-(૨) સમુબેન વા/ઓ રસુલ પીદયાભાઈ જાતે ચૌહાણ ઉ.વ.૩૪ રહે-સદર

<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;-</u> પો.સબ.ઈન્સ.એ.એ.વાઘેલા તથા અ.હે.કો યોગેશકુમાર કાંન્તીલાલ બ.નં૪૬૭૧ તથા અનાર્મ લોકરક્ષક એઝાઝ યુસુફભાઈ બ.નં-૧૨૩૬ તથા વુમન લોકરક્ષક સ્નેહલ વાલજીભાઈ ૧૦૪૫૪ તથા વુમન લોકરક્ષક દિવ્યાબેન જીતેન્દ્રકુમાર બ.નં-૧૦૭૯૬



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

### જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એરપોર્ટ પોલીસ

**મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર નાઓની સુચન તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ COVID-19 કોરોના વાયરસનું સક્રમણ અટકાવવા સારૂં તેમજ પ્રોહી જુગારની ડ્રાઈવ અનુસંધાને અમો તથા તાબાના સર્વેલન્સ સ્કવૉડના માણસો સાથે એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સરદારનગર સર્કલ ખાતે આવતા લોકરક્ષક પ્રવિણભાઇ દીતાભાઇ બકલ નંબર.૮૮૯૪ નાઓની ખાનગી બાતમી હકિકત મળેલ કે, 'સરદારનગર સાધુ વસવાણી સ્કૂલ ની બાજુમાં ન્યું સાંઇબાબા સોસાયટી મકાન નંબર બી/૧૮ ખાતે રહેતા સરોજબેન વા/ઓ ગોપીચંદ હરીરામ રાજાની નાઓ પોતાની કબ્જા ભોગવટાના મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમાડે છે અને હાલમાં આ જુગારની પ્રવૃત્તિ ચાલુ છે." જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઈડ કરતા કુલ્લે-૦૬ આરોપણબેહનો જુગાર રમી રમાડતા મળી આવેલ હોય જેથી આરોપણબેહનો નાઓ વિરુધ્ધ જુગારધારા કલમ-૪,૫ મુજબના કામે તા.૨૯/૦૭/૨૦૨૦ ના કલાક : ૨૦/૦૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.**

**આરોપણબેહનો ના** નામ : (૧) સરોજબેન ઉર્ફે કાંન્તા વા/ઓ ગોપીચંદ હરીરામ રાજાની ઉ.વ.૫૨ રેહવાસી મકાન નંબર બી/૧૮ ન્યું સાંઇબાબા સોસાયટી સાધુ વસવાણી સ્કૂલ ની બાજુમાં સરદારનગર અમદાવાદ શહેર (૨) હિનાબેન વા/ઓ મહેશકુમાર પંજવાણી ઉ.વ.૪૫ રહે-મકાન નંબર બી/૧૫ સાંઇબાબા સોસાયટી સરદારનગર અમદાવાદ શહેર (૩) નિર્મલાબેન ખાનચંદ જાતે ધનવાણી ઉ.વ.૬૩ રહે- મકાન નંબર સી-૦૧ સાંઇબાબા સોસાયટી સરદારનગર અમદાવાદ શહેર (૪) જાનકીબેન વા/ઓ સિતારામ પેશવાણી ઉ.વ.૫૫ રહે- મકાન નંબર ૬૦૩/૦૩ સમરથનગર આબાવાડી જુના ચાર રસ્તા, સરદારનગર, અમદાવાદ શહેર (૫) મમતાબેન વિજયકુમાર જાતે ભઠેજા ઉ.વ.૪૨ રહે- મકાન નંબર સી-૦૧ સાંઇબાબા સોસાયટી સરદારનગર અમદાવાદ શહેર (૬) કાજલબેન વા/ઓ આદિત્યભાઇ વિશનદાસ ઠક્કર ઉ.વ.૩૫ રહે- મકાન નંબર ૧૦૩ સાંઇબાબા સોસાયટી સરદારનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ: (૧) અંગઝડતીના રોકડ રૂ.૧૪,૦૦૦/- (૨) દાવ ઉપરના નાંણા રૂ.૩,૬૦૦/- (૩) જુદી જુદી કંપનીના મો.ફોન નંગ-૦૫ કિં.રૂ.૧૨,૬૦૦/- (૫) ગંજીપાના નંગ-૧૦૪ કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે કિં.રૂ.૩૦,૨૦૦/-**

## **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :**

**(૧)પો.ઈન્સ.શ્રી કે.સી.રાઠવા (૨)પો.સ.ઈ.ડી.બી.પ્રજાપતિ**(૩)અ.હે.કોન્સ.ચેતનભાઇ દેવજીભાઇ બકલ નંબર ૩૩૯૦ **(૪) અ.પો.કો.** મહેન્દ્રસિહ મુળુભા બકલ નંબર ૧૦૧૨૭ **(૫) અ.હે.કો. ઘનસુખભાઇ ગુલાબભાઇ બકલ નંબર ૩૨૭૪ (૬) અ.પો.કો. વિજયલક્ષ્મીકાંત લાલજીભાઇ બકલ નંબર ૮૬૭૬ (૭) લોકરક્ષક પ્રવિણભાઇ દીતાભાઇ બકલ નંબર.૮૮૯૪ (૮) લોકરક્ષક નરેશભાઇ જેસિંગભાઇ બકલ નંબર ૧૧૩૮૮ (૯)લોકરક્ષક રાજેન્દ્રસિહ બળવંતસિહ બક્લ નંબર ૭૧૫૭(૧૦) વુમન લોકરક્ષક દિપીકાબેન પ્રમોદભાઇ બક્લ નંબર ૧૦૫૫૮(૧૧) વુમન અ.લો.ર.સંગીતાબેન નાનજીભાઇ બનં.૧૧૧૨૫**

# <u>પાસાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :-</u>

### <u>શરીર સબંધી ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપી વાહીદખાન ઉર્ફે ભુરીયો ઉર્ફે લંગડો સ/ઓ ફરીદખાન પઠાણ રહે નવાબનગરના છાપરા બસીર કિરાણા સ્ટોર પાસે ચંડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૫૬૩/૨૦૨૦ તા.૨૭/૦૭/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૩૦/૦૭/૨૦૨૦



## સાબરમતી પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી બે પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે આરોપી નં.૧ જગદિશભાઇ ઉર્ફે જગો કાંતીભાઇ છારા ઉ.વ.૬૦ તથા આરોપી નં.૨ યોગેશ સ/ઓ જગદિશભાઇ ઉર્ફે જગો કાંતીભાઇ છારા ઉ.વ.૨૯ બન્ને રહે. છારાનગર, જુના અચેર, સાબરમતી, અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીઓની આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપીઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીઓને પાસા અટકાયતમા લેવા અનુક્રમે ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૮૮/૨૦૨૦ તથા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૮૯/૨૦૨૦ તા.૩૦/૦૭/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીઓને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી લાજપોર જેલ સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૩૦/૦૭/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

**(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬**



## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :-

## 02 દારૂ બુટલેગર ઉપર પાસા 01 વ્યાજખોર ઉપર તડીપાર કરવામાં આવી

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર જે.વી.રાઠોડ નાઓના સીધા સુપરવિઝન હેઠળ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશનના ગુનામા પકડાયેલ આરોપીઓને પાસા હેઠળ મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપી તથા શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપીને તડીપાર કરી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

### પાસા અટકાયતીઓ:-

(૧) શ્યામ ઉર્ફે ભટ્ટી ઉર્ફે ભોટી ભીખાભાઇ દંતાણી ઉવ.૨૪ રહે.મલાવ તળાવના છાપરા, બહુચર માતાના મંદિરની સામે, થલતેજ, અમદાવાદ શહેર.

(પાસા હુકમ ક્રમાંક:ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૭૭/૨૦૨૦ તા.૨૮/૦૭/૨૦૨૦)

(૨) આરતીબેન જતંતીજી ગાભુજી ઠાકોર ઉવ.૩૫ રહે.મલાવ તળાવના છાપરા, બહુચર માતાના મંદિરની સામે, થલતેજ, અમદાવાદ શહેર.

(પાસા હુકમ ક્રમાંક:ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૭૮/૨૦૨૦ તા.૨૮/૦૭/૨૦૨૦ )

## તડીપાર અટકાયતી:-

(૧) કનુભાઇ અમરતભાઇ પંચાલ ઉવ.૩૫ રહે.મકાન નં.૧૪ અંબિકાનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિરની સામે ન્યુ રાણીપ અમદાવાદ શહેર

(તડીપાર હુકમ ક્રમાંક: “એચ” ડીવી./હદપ/૨૮/૨૦૨૦ તા.૨૪/૦૬/૨૦૨૦)

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા જે.વી.રાઠોડ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૧ લીટર દેશી દારૂ, ૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ ૭૦૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯ બિયર ટીન, અને ૧ સ્કુટર કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૨૭૯/૨૦૨૦**

કાલુપુર : શંકરભાઇ ખુબચંદ રામસિંઘાણી (ઉ.વ.૩૫)(રહે.શ્રીમહાલક્ષ્મી લાઇફ ફ્લેટસ, હાંસોલ, સરદારનગર) એ તા.૩૦/૭/૨૦૨૦ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૧૯ થી તા.૨૦/૧૦/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાનમાં કાલુપુર, બી.બી.સી. માર્કેટની બાજુમાં આવેલ ઓમ હરીઓમ માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાન નં.૭ માં એમ.કાજલ ક્રિએશન નામની દુકાનમાં આરોપી (૧) સાંઇ ઇમ્પેક્ષના માલિક પ્રકાશભાઇ ગોપાલભાઇ પ્રીતમાણી અને (૨)રોયલ ગારમેન્ટના માલિક અનિલ પ્રેમચંદ કાંજાણી (બંને રહે.ગોરેગાંવ, મુંબઇ, મહારાષ્ટ્ર) એ ભેગામળી શંકરભાઇને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી રેડીમેડ લેડીઝ પંજાબી ડ્રેસનો માલ ખરીદી કરી શરૂઆતમાં માલના રૂપિયા સમયસર ચુકવી આપી વિશ્વાસ કેળવી, સાંઇ ઇમ્પેક્ષના માલિક પ્રકાશભાઇ ગોપાલભાઇ પ્રીતમાણી નાઓએ શંકરભાઇ પાસેથી રૂપિયા ૬,૦૬,૬૯૫/- નો માલ તથા રોયલ ગારમેન્ટના માલિક અનિલ પ્રેમચંદ કાંજાણી નાઓએ શંકરભાઇ પાસેથી રૂપિયા ૩૮,૨૩૦/- નો રેડીમેડ લેડીઝ પંજાબી ડ્રેસનો માલ લઇ તેના રૂપિયા આજદીન સુધી નહી ચુકવી શંકરભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

બાપુનગર : અવનીતભાઇ છગનભાઇ લાખાણી (ઉ.વ.૪૯)(રહે. ગુ.હા.બોર્ડ મ્યુનીસીપલ ગુજરાતી શાળા નંબર ૩/૪ ની સામે, બાપુનગર) એ તા.૩૦/૭/૨૦૨૦ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓક્ટોબર/૨૦૧૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હરીદાસભાઇ (૨) મનસુખભાઇ (૩) રૂબી કો.ઓ.ક્રેડીટ સોસાયટી (રહે.અજમેર રાજસ્થાન) (૪) લોકેશ સારસ્વત (રહે.અજમેર રાજસ્થાન) તથા (૫) ભરતસિંહ રાઠોડ (રહે. અજમેર રાજસ્થાન)(જેઓના પુરા નામ-સરનામાની ખબર નથી તે) ભેગામળી અવનીતભાઇને પોતાની બાપુનગર ત્રીમુર્તી કોમ્પ્લેક્ષ ની સામે આવેલ સર્વોદય સોસાયટી ની દુકાન નંબર-૨ માં આવેલ રૂબી કો.ઓ.ક્રેડીટ સોસાયટી માં પૈસા રોકી પાંચ વર્ષમાં ડબલ કરી આપવાની લાલચ આપી કુલ રૂપિયા ૨,૬૨,૫૦૦/- પરત નહીં આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૨૮૦/૨૦૨૦**

**રખિયાલ** : જયાબેન લલ્લુભાઇ મોજીદ્રા (ઉ.વ.૮૦)(રહે.પ્રભુપાર્ક સોસાયટી, સુખરામનગર સોસાયટીની સામે, રખિયાલ) નાઓ તા.૩૦/૭/૨૦૨૦ ના કલાક ૮/૪૫ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન અંબીકા જ્વેલર્સ રોડ, પીપળાના ઝાડની બાજુમા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ભેગામળી જયાબેનના ગળામાં પહેરેલ સોનાની પેંન્ડલ સહિતની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ જયાબેન મોજીદ્રાએ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.ભાટીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૨૦૨૦**

**સાબરમતી** : બંડુ નામદેવ ગૌરે (ઉ.વ.૪૫)(રહે. ગામ: અંબાસીયા તા.જી. આકોડા (મહારાષ્ટ્ર)એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે અચેર ભીલવાસ સ્મશાન રોડ કેટરર્સના ગોડાઉનમાં કારખાનાની અંદર રૂમમા ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

માધવપુરા : રાહુલ અરવિંદભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૩)(રહે. ત્રીજા માળે, જુગલદાસની ચાલી નં.૦૮ ઇદગાહ રોડ, પ્રેમદરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ભાડાના ઘરમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતિલાલ ચલાવે છે.

મેઘાણીનગર : સચીન રાજુભાઇ પટણી(માનવાળા)(ઉ.વ.૨૪)(રહે.પટણીનગર ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરેલ. જેમને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૭/૨૦૨૦ ના કલાક ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવીણભાઇ ખેમાભાઇ ચલાવે છે.

બાપુનગર : ચંદ્રકાંતભાઇ વાસુદેવભાઇ રાનડે (ઉ.વ.૪૯)(ધંધો-પુજારી)(રહે.શીતળા માતાના મંદીરમાં, મદ્રાસી મંદીર બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૦ સાંજના ૪/૦૦ થી રાતના ૮/૫૦ વાગ્યા દરમ્યાન શીતળા માતાના મંદીરના હોલમાં આવેલ પાછળના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**બાપુનગર** : મુસ્કાનબાનુ ડો/ઓ મુફિદખાન પઠાણ (ઉ.વ.૧૭)(રહે.સંજય વસાહતનગર મણીયાર ટેલર પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉપરના માળે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વશરામભાઇ રામજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી